

**મેઘરજના રામગઢી ગામના ૧૧૪ વર્ષીય મણીબાએ ચૂંટણીમાં મતદાન**

૧૧૪ વર્ષીય મતદાતા મણીબા ૩૫ વ્યક્તિઓનો પરીવાર ધરાવે છે. અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના રામગઢી ગામે ૧૧૪ વર્ષીય મણીબા ૧૧૪ વર્ષ વટાવ્યા પછી પણ પોતાના કિમતી મતનો વિધાનસભાની ચૂંટણીના મતદાનમાં કર્યો હતો. ચાર પુત્રો અને ત્રણ પુત્રીઓ ધરાવતા મણીબાના મોટા પુત્ર બબાભાઈની ઉંમર ૮૩ વર્ષની છે. જ્યારે બીજા પુત્ર શંકરભાઈની ઉંમર ૭૫ વર્ષી ત્રીજા પુત્ર શીવાભાઈ ની ઉંમર ૬૨ વર્ષની છે. જ્યારે મણીબાની ત્રણ પુત્રીઓમાં મોટી પુત્રી રૂખીબેનની ઉંમર ૮૦ વર્ષ બીજી પુત્રી રેખાબેનની ઉંમર ૭૧ વર્ષ તથા ત્રીજી પુત્રી કમળાબેન જેઓનુ ૪૫ વર્ષની ઉંમરે અવસાન થયુ હતુ. મણીબાના પુત્રો અને પૌત્રૌ મળી ૩૫ વ્યક્તિઓનુ પરીવાર ધરાવે છે.

# ઊંઝા મામલતદાર કચેરીમાં આધાર કેન્દ્રનું કોમ્પ્યુટર ખોટવાયુ

ઊંઝા, તા. ૧૫

ઊંઝા ખાતે મામલતદાર કચેરીમાં કાર્યરત અધાર કેન્દ્રના કમ્પ્યુટરમાં અવારનવાર ખામી સર્જાતા આધારકાર્ડ કઢાવવા માટે આવતા લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

ઊંઝા તાલુકા મામલતદાર કચેરીમાં સરકાર તરફથી આધાર કેન્દ્ર ખોલવામાં આવેલ છે. જેથી તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના નાગરિકો, વૃદ્ધો જેઓના હજી આધાર કાર્ડ કઢાવ્યા નથી તેઓ આધાર કાર્ડ કઢાવવા માટે મામલતદાર કચેરીમાં જાય છે. દરમિયાન છેલ્લા વીસેક દિવસથી કોણ જાણે કેમ અવારનવાર આધાર કેન્દ્રનુ કમ્પ્યુટર ખોટકાય છે. પરિણામે ગામડાઓમાંથી આધારકાર્ડ કઢાવવા આવતા ખાસ કરીને વૃદ્ધોને વારંવાર ધક્કા ખાવા પડે છે.

બીજુ મામલતદાર કચેરીમાં આધાર કેન્દ્રનુ કમ્પ્યુટર બગડેલ હોય છે. ત્યારે આધારકાર્ડ કઢાવવા માટે આવનાર નાગરિકોને ઊંઝા હાઈવે પર જ ચાલતા ખાનગી આધાર કેન્દ્રમાં જવાની સલાહ અપાય છે. આમ મામલતદાર કચેરીના આધાર કેન્દ્રના સંચાલકની અંદર ખાનગી શહેરમાં ચાલતા ખાનગી આધાર કેન્દ્રના સંચાલક સાથે મીલી ભગત હોય તેમ જણાય છે. આ બાબતે તાલુકા જિલ્લાના ઉચ્ચ મહેસૂલી અધિકારીઓએ સત્વરે યોગ્ય પગલાં ભરી જનતાના હાલાકીને મીટાવવી જરૂરી છે.

# ખેડબ્રહ્મામાં સીઆરપીએફના બદસલુકીથી વોટર્સ પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૧૪

સાબરકાંઠાના ખેડબ્રહ્મા વિધાનસભાનુ આજરોજ બિજા તબક્કાનું મતદાન હોઈ ખેડબ્રહ્માના શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં મતદાન મથક પર સીઆરપીએફના જવાનો દ્વારા આવતા વોટર્સને હેરાનગતિ કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા પ્રતિષ્ઠિત વહેપારી બપોરના સમયે વોટીંગ કરવા કે.ટી. હાઈસ્કૂલમાં ગયા હતા. ત્યાં દરવાજા પર સીઆરપીએફના જવાનો દ્વારા તેમને રોકવામાં આવ્યા અને પોતાનુ વાહન બહાર મુકવા કહેવામાં આવ્યું હતુ. ત્યારે વહેપારીએ પોતાની વેદના વ્યક્ત કરી કે મારા ઢીંચણ ગસાય છે. અને મને વધારે ચલાતુ પણ નથી મને વધારે ઉભા પણ રહેવાતુ નથી, હું નજીકમાં મારી એક્ટીવા મુકીને વોટ કરી આવુ છુ. પણ સીઆરપીએફનો જવાન એકના બે ના થયા ત્યાર બાદ વેપારી વોટીંગ કર્યા વગર પરત ફર્યા હતા. જ્યારે ચૂંટણી પંચ દ્વારા દરેકને વોટ કરવા માટે, મોટી મોટી જાહેરાતો તથા બેનરો લગાવવામાં આવે છે કે એક વોટ પણ કિંમતી છે તો ખેડબ્રહ્મામાં આવા કેટલા વોટ બંદોબસ્તના કારણે ફેલ ગયા હશે. સીઆરપીએફના જવાને એકવાર આ વેપારીની વ્યથા જોઈ સમજીને અંદર મોકલ્યા હોત

# સોશ્યિલ મીડીયામાં વોટીંગ કરતા ઈવીએમ સાથેના ફોટા ફરતા થતા વ્યાપક ચર્ચા

ખેડબ્રહ્મા, તા. ૧૪

આજરોજ બીજા તબક્કાનુ મતદાન જોરશોરમાં ચાલતુ હતુ. ત્યારે સોશીયલ મીડીયામાં ઈવીએમમાં બટન દબાવતી વખતે પાડેલા ફોટા ફરતા થતા લોકો વિચારમાં પડ્યા હતા.

ચૂંટણી પંચ દ્વારા વોટીંગ સલામત થાય તે હેતુસર કેટલાયે નિયમો બનાવવા આવ્યા છે પણ ખેડબ્રહ્મામાં આજે ચોંકાવનારી વાત એ છે કે સોશ્યિલ મીડીયામાં અમુક નબીરાઓ દ્વારા વોટીંગ કરતી વખતે મોબાઈલથી ફોટોગ્રાફી કરવામાં આવી અને બહાર આવી લોકોને બતાવવા માટે આ ફોટો પાડવામાં આવ્યા હતા. પણ આ ફોટા ખેડબ્રહ્માના એક સારા ગ્રુપમાં ફરતા પણ કરવામાં આવ્યા હતા. આ ઈવીએમ સાથે ભાજપના બટન દબાતો આ માણસ શુ સાબીત કરવા માંગતો હતો એ તો ભગવાન જાણે પણ ચૂંટણી પંચ અને સરકારના નિયમોની એસીકી તૈસી કરી નાખી હોય તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. આટલુ ચેકીંગ હોવા છતાં આ વ્યક્તિ કોણ હશે જેણે ઈવીએમ સાથે ફોટો પાડ્યો ત્યારે શુ ઈવીએમ રૂમમાં કોઈ ઓફીસર જ નહી હોય કે કેમ એ મોટો પ્રશ્ન પ્રજાને સમજાતો નથી.

# ભિલોડા તાલુકાના ભટેળા ગામ પાસે બે બાઈકો સામસામે ટકરાતાં એકનું મોત

ભિલોડા,તા.૧૫

ભિલોડા તાલુકાના ભટેળા ગામના બસ સ્ટેન્ડ પાસે બે બાઈકો સામસામે ધડાકાભેર ટકરાતાં એક ઈસમનું કરૂણ મોત નિપજ્યું હતું ત્યારે એક ઈસમ ગંભીર રીતે ઘવાતાં સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.



ભિલોડાના મૌલવીસાબ મહંમદઆરીફ રજાશરીફભાઈ શેખનું અકસ્માત દરમ્યાન ઘટનાસ્થળે આકસ્મીક મોત નિપજતાં લોકોના ટોળે-ટોળા અકત્રીત થઈ ગયા હતા.મુસ્લીમ બિરાદરોમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.મૌલવીસાબના પરીવારજનો અને મુસ્લીમ બિરાદરો હૈયાફાટ રૂદન કરતા હતા.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.સરવસ્તીબેન બલાતના જણાવ્યા મુજબ ભિલોડા-ગાંભોઈ ધોરીમાર્ગ ઉપર ભટેળા ગામના બસ સ્ટેન્ડ પાસે બજાજ પલ્સર બાઈક નંબર.જી.જે.૦૯.સી.યુ.૪૯૮૭ નો ચાલક ધંબોલીયા ગામના જીગરભાઈ વાલમભાઈ પાંડોરએ પુરપાટ ઝડપે ગફલતભરી રીતે રોંગ સાઈડમાં બાઈક હંકારતાં બે બાઈકો સામસામે ધડાકાભેર ટકરાતાં ભિલોડાના મહંમદઆરીફ રજાશરીફભાઈ શેખ (મૌલવીસાબ) ઉંમર વર્ષ-૫૨ નું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.અકસ્માત દરમ્યાન ભટેળા ગામના બસ સ્ટેન્ડ પાસે ઉભા રહેલા ભટેળા ગામના નાનજીભાઈ જીવાભાઈ ડામોરને બજાજ પલ્સર બાઈક ચાલકે ટક્કર મારતાં ગંભીર રીતે ઘવાયા હતા.બજાજ પલ્સર બાઈક ચાલક ઘટનાસ્થળેથી પલાયન થઈ ગયો હતો.

ભિલોડા ગામના અજીતખાન મુનીરખાન મકરાણીએ અકસ્માતના બનાવ સંદર્ભે ધંબોલીયા ગામના બાઈક ચાલક જીગરભાઈ વાલમભાઈ પાંડોર વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લામાં વાતાવરણમાં ફરી પલટો આવતા માવઠાનું સંકટ, ખેડૂતોમાં ફફડાટ

## રવિ પાક પર ખતરો : પાકમાં પિયત કરનાર ભૂમિપુત્રો ચિંતિત

અરવલ્લી, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં ઓખી વાવાઝોડાની અસર હેઠળ જિલ્લાના વાતાવરણમાં ભારે પલટો આવવાની



સાથે સતત બે દિવસ સુધી ઝરમર ઝરમર વરસાદ વર્સ્યો હતો પરંતુ ખેતીને નુકસાન પહોંચ્યું નહોતું. સોમવારે ફરીથી હવામાનમાં પલટો આવતા કમોસમી વરસાદ થવાનું સંકટ પેદા થતા જિલ્લાના ખેડૂતોમાં ચિંતા પ્રસરી હતી.

અરવલ્લી જિલ્લામાં ગ્લોબલ વૉર્મિંગની અસર હેઠળ શુક્રવારે વહેલી સવારથી હવામાનમાં બદલાવ થતા આકાશે કાળા ડિબાંગ વાદળો છવાયા હતા અને કમોસમી વરસાદ વરસે તેવી દહેશત ઉભી થઈ છે. સપ્તાહમાં ત્રીજીવાર વાદળો ઘેરાતા શિયાળુ ખેતીમાં રોગચાળો વકરવાની દહેશત પેદા થઈ છે. રવિવારે રાત્રીના સુમારે મોડાસા તાલુકાના કેટલાક વિસ્તારમાં કમોસમી ફોરા વરસ્યાનો અહેવાલ છે અને જે રીતે આકાશે વાદળો ઉમટ્યા છે તે જોતા કમોસમી વરસાદનું સંકટ શિયાળુ ખેતીને માઠી અસર કરે તેવી દહેશત ખેતીવાડી સૂત્રોએ વ્યક્ત કરી છે. લગ્ન પ્રસંગની સીઝનમાં વરસાદી વાતાવરણ પેદા થતા પરિવાર જાણે પણ પ્રસંગમાં વરસાદી ઝાપટા રંગમાં ભંગ તો નહિ પાડેની ચિંતા સતત સતાવી રહી છે.

# બનાસકાંઠા જિલ્લામાં ૭૫.૨૫ ટકા મતદાન

પાલનપુર, તા. ૧૫

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જિલ્લાની નવ બેઠકો ઉપર શાંતિપૂર્ણ માહોલમાં ૭૫.૨૫ ટકા જેટલું મતદાન થયું છે. સૌથી વધુ મતદાન થરાદ બેઠક ઉપર ૮૫.૫૩ ટકા અને સૌથી ઓછુ પાલનપુર બેઠક ઉપર ૬૮.૯૯ ટકા થયું છે. જીલ્લાની તમામ બેઠકો ઉપર થયેલ મતદાનની વિગત નીચે પ્રમાણે છે.

| વિધાનસભા બેઠકનું નામ | કુલ મતદારો | મતદાન કરેલ મતદારોની કુલ સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૭-વાવ | ૨,૫૬,૯૫૪ | ૨,૦૭,૫૫૪ | ૮૦.૭૭ |
| ૮-થરાદ | ૨,૦૯,૧૮૩ | ૧,૭૮,૯૨૨ | ૮૫.૫૩ |
| ૯-ધાનેરા | ૨,૨૮,૯૪૪ | ૧,૭૨,૫૦૫ | ૭૫.૩૫ |
| ૧૦-દાંતા | ૨,૧૮,૯૨૧ | ૧,૬૧,૩૮૭ | ૭૩.૭૨ |
| ૧૧-વડગામ | ૨,૬૦,૭૧૧ | ૧,૮૫,૬૯૭ | ૭૧.૨૩ |
| ૧૨-પાલનપુર | ૨,૫૧,૧૬૧ | ૧,૭૩,૨૭૮ | ૬૮.૯૯ |
| ૧૩-ડીસા | ૨,૫૦,૭૬૯ | ૧,૭૮,૨૬૮ | ૭૧.૦૯ |
| ૧૪-દિયોદર | ૨,૧૫,૩૫૧ | ૧,૬૫,૩૭૩ | ૭૬.૭૯ |
| ૧૫-કાંકરેજ | ૨,૫૨,૧૪૫ | ૧,૯૦,૪૧૨ | ૭૫.૫૨ |
| કુલ | ૨૧,૪૪,૧૩૯ | ૧૬,૧૩,૩૯૬ | ૭૫.૨૫ |



**મટોડા પ્રાથમિક શાળાના મહાન બાળકોને અભિનંદન**

કોણ કહે છે કે નાના પ્રાથમિક શાળાના ભૂલકા નાના હોય છે ? ઘણી વખત એમ બને કે આ નાના ભુલકાં આપણને નવો રાહ દેખાડતા હોય છે. મટોડા પ્રાથમિક શાળાના બાળકોએ નક્કી કર્યું છે કે પોતાના જન્મદિનના દિવસે જે પૈસાનો ચોકલેટ અને પાર્ટીમાં ખર્ચ કરીએ છીએ એના કરતાં એ પૈસામાંથી ઝાડના રોપા અને કુંડા લાવીએ તો કેવું સારૂ ? તો આપણા શાળા કેટલી રૂપાળી લાગે ? એમના એ વિચારને એમના શાળા પરિવારે વધાવી લીધો. અને આજથી જ શાળાની એક બાળ એક ઝાડ ક્લબે જન્મોત્સવ આ નવી પદ્ધતિથી ઉજવવાનુ ચાલુ કર્યું. જ્યારે સમગ્ર ગુજરાતને હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે આપના જિલ્લા શિક્ષણાધિકારી ઉપાધ્યાય સાહેબના નેતૃત્વ હેઠળ ટીમ સાબરકાંઠા કામ કરી રહી છે. ત્યારે મટોડા શાળાના આ ભૂલકાઓએ આપણા કામમાં વેગ આપવાનું કામ કર્યું.

# અરવલ્લી જિલ્લામાં ત્રણ વિધાનસભા બેઠકોની ચૂંટણીમાં દારૂની રેલમછેલ

## પોલીસનો પનો દારૂબંધીની અમલવારી માટે ટૂંકો પડ્યો : મતદાન પછી મફત દારૂ મેળવવા દારૂના બંધારણીઓ ચકડોળે ચડ્યા

અરવલ્લી, તા. ૧૫

અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જિલ્લામાં ચૂંટણી દરમિયાન દારૂબંધીના કાયદાના કડક અમલીકરણમાં નિષ્ફળ રહેતા કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી પડી હોય તેમ મતદાન પહેલાના ૨ દિવસ જિલ્લાના શહેરી ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ રાજકીય પક્ષો દ્વારા દારૂની રેલમછેલ કરી મતદારોને રીઝવવા અથાગ પ્રયત્નો કર્યા હતા. મતદાનની અગાઉની રાત્રીએ કેટલાક ઉમેદવારોએ તો રોકડ રકમ વોટ દીઠ ૧૦૦ થી ૫૦ રૂપિયા વહેંચણી પણ કરવામાં આવી હોવાની અને મતદારો આગળ ઈમોશનલ બની મતની આજીજી કરવામાં આવી હોવાની ચર્ચાઓ ટોક ઓફ ધી જિલ્લો બની હતી. જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન જે રીતે છૂટથી દારૂ વહેંચાયો અને પિવાયો તે પરથી ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો કાયદો માત્ર કાગળ પૂરતો સીમિત રહ્યો હોય તેવું જણાઈ રહ્યું છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, અરવલ્લી જિલ્લા પોલીસ તંત્રે જિલ્લાની રાજસ્થાન રાજ્યને



જોડાતી તમામ સરહદો પર ચેકપોસ્ટ ઉભી કરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી તમામ સરહદો પર સઘન પોલીસ પેટ્રોલિંગ સાથે સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા અને રાજસ્થાનના ઉદેપુર ડુંગરપુર સહિતના પોલીસ અધિકારીઓ સાથે મિટિંગ કરી ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ નિષ્પક્ષ યોજાય તે માટે દારૂબંધીની કડક અમલવારી કરવા સતત પ્રયત્નો પછી પણ જિલ્લાની ત્રણેય બેઠકોના શહેરી અને ગ્રામ વિસ્તારોમાં મતદાન અગાઉની રાત્રીએ મતદારોને રીઝવવા જે રીતે વિદેશી દારૂ અને દેશી દારૂની રેલમછેલ કરતા પોલીસના હાથ રાજકીય પક્ષો સામે ટૂંકા પડ્યા હોય તેમ જણાઈ રહ્યું હતું. એક સમયે દારૂ વહેંચણીનું દુષણ ગ્રામ વિસ્તાર પૂરતું સીમિત હતું પરંતુ આ વખતે ચૂંટણીની આગલી રાત્રીએ શહેરી વિસ્તારોમાં પણ વિદેશીદારૂનું બેરોકટોક વેહેચણી થઈ હતી. કેટલીક જગ્યાએ તો ખુલ્લામાં દારૂની મહેફિલો જામી. મહેફિલ પૂર્ણ થતા બોટલો સ્થળ પર મૂકી જતા રહેતા લોકોમાં ભારે કચવાટ જોવા મળ્યો હતો. કેટલાક દારૂ પીવાની ટેવવાળા મતદારો ઉમેદવારો અને તેમના ટેકેદારો સામે દેશી નહિ વિદેશી દારૂની માંગણી કરતા વિદેશીદારૂ પણ પૂરો પાડવામાં આવ્યો હતો જિલ્લામાં મતદાનની આગલી રાત્રીએ વિદેશી દારૂની તંગી સર્જાતા રાતોરાત દારૂની વ્યવસ્થા કરવા મથામણ કરતા ટેકેદારો જોવા મળ્યા હતા. જિલ્લાની ત્રણેય બેઠકો પર મતદાન પૂર્ણ થયા બાદ પણ કેટલાક વ્યસની મતદારો મફત વિદેશી દારૂનું લિજ્જત માળવા ચકડોળે ચડ્યા હતા.

## જગાણા મુકામે વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો

મેડીકલ ઓફીસર રતનપુર પાલનપુર દ્વારા અખબારીયાદીમાં જણાવ્યા મુજબ તા.૮-૧૨-૨૦૧૭ ના રોજ પ્રા.આ. કેન્દ્ર રતનપુર તથા સબ સેન્ટર જગાણા દ્વારા જગાણા મુકામે એસ.કે. મહેતા હાઈસ્કૂલ ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ હેઠળ તમાકુથી દુર રહેવા માટેની વિધાર્થીઓ તથા વાલીઓને સમજ આપવા વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વકતૃત્વ તથા ચિત્ર સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. જેમાં ૨૮ બાળકોએ ભાગ લીધો હતો.

# હિંમતનગરમાં બે સ્થળેથી ૩.૧૬ લાખથી વધુની ચોરી થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર મહાવીરનગર વિસ્તાર અને મહેતાપુરા વિસ્તારમાં આવેલા બે મકાનમાંથી અજાણ્યા શખ્સો સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી અંદાજે રૂ. ૩.૧૬ લાખથી વધુની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ સ્થાનીક પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે મહેતાપુરામાં આવેલ ટેલીફોન સોસાયટીના મકાન નં. ૧માં રહેતા ચીરાગભાઈ રવિશંકર રાવલે સોમવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૯ ડિસેમ્બરના રોજ અજાણ્યા શખ્સોએ તેમના મકાનમાં તાળુ તોડી પ્રવેશ કર્યા બાદ તિજોરીમાં મુકેલ સોનાની વીંટી, સોનાની બુટ્ટી તથા રોકડ મળી અંદાજે રૂ. ૬૬ હજારની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે ચીરાગભાઈ રાવલે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

બીજી ચોરીની ઘટનાની વિગત એવી છે કે મહાવીરનગરની રણછોડરાય સોસાયટીમાં રહેતા પ્રવિણભાઈ શંકરભાઈ પટેલના મકાનમાં રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી ઘરમાંથી સોનાના સિક્કા, બે મંગલસૂત્ર, પાંચ જોડી સોનાની બુટ્ટી, ત્રણ જોડી ચાંદીના છડા, એક કંદોરો તથા રૂ. ૨૦ હજાર રોકડ મળી અજાણ્યા શક્સો રૂ. ૨.૫૫ લાખની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે પ્રવિણભાઈ પટેલને ખબર પડતા તેમણે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ સોમવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## પાલનપુર ખાતે ૨૯મીએ ડાક અદાલત યોજાશે

બનાસકાંઠા પોસ્ટ ડીવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચત બેંકના પ્રશ્નોના નિકાલ કરવા તારીખ ૨૯-૧૨-૨૦૧૭ના રોજ સવારે ૧૧ કલાકે અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

# ગાંભોઈમાં ધોળે દિવસે તસ્કરો મકાનમાંથી ૧.૦૭ લાખની મત્તા ચારી જતા ફરીયાદ

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ખાતે આવેલ એક મકાનમાંથી સોમવારે બપોરે અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશી સોનાના દાગીના તથા રોકડ મળી અંદાજે રૂ. ૧.૦૭ લાખની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા જે અંગે મકાન માલિકે તરત જ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે ગોભાઈમાં આવેલ અક્ષર સંસ્કાર વિદ્યાલયની પાછળ રહેતા નવિનચંદ્ર વિઠ્ઠલદાસ સોલંકીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ સોમવારે દિવસ દરમિયાન અજાણ્યા શખ્સોએ તેમના મકાનનો આગળનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશ કરી ડ્રોઅર તોડી તેમાંથી રૂ. ૮૦ હજારનુ ત્રણ તોલાનુ સોનાનુ મંગળસૂત્ર તથા ચાંદીના રૂ. ૧૮ હજારના દાગીના દસ તોલાનો ચાંદીનો કંદોરો ઉપરાંત રૂ. ૬૫૦૦ રોકડ મળી અંદાજે રૂ. ૧.૦૭,૫૦૦ની ચોરી કરી ભાગી ગયા હતા જેથી ગામમાં ભયનો માહોલ વ્યાપી ગયો હતો.